મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૬ | વર્ષ - ૫ | જાન્યુઆરી - ૨૦૨૬ (સળંગ અંક : ૫૪)

# ‘ એકોહં બહુસ્યામ્ ’

## અમે બધા અનેક ઘણી પ્રગતિ માટે એક બન્યા છીએ



**દૂધસાગરમાં પ્રામાણિકતાની ફરી પ્રાણ પ્રતિષ્ઠા થઈ**

**અશોકભાઈ ચૌધરી ચેરમેન પદે યથાવત**

**માણસા વિભાગના દશરથભાઈ પટેલની વાઈસ ચેરમેન પદે સર્વાનુમતે વરણી**



Scanned with OKEN Scanner




# આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષની ઉજવણી સાર્થક બની સમરસતાના શીતલ પવનથી શ્વેતસાગર પાવન બની

12 ડિસેમ્બર - 2025 નો દિવસ એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના આકાશમાં સુવર્ણ અક્ષરે લખાયેલ એવો દિવસ જે હંમેશા માટે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં સહકારીતાની સુવાસ ફેલાવશે !! વિતેલા પાંચ વર્ષોમાં ડેરીમાં થયેલ વિકાસના આમૂલ પરિવર્તનોથી છેવાડાના પશુપાલકોને મળેલું આશ્વાસન જાણે આશિર્વાદ બનીને ઉતર્યુ હોય તેમ સરકાર અને સમાજે એક બનીને શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ તમામ પંદર ડિરેક્ટરોને બિનહરીફ પસંદ કરી વાસ્તવમાં આ સહકારી સંસ્થામાં - સહકારની વ્યાખ્યા અને સહકારની સુવાસ જીવંત કરી દીધી હતી.

**વિતેલા પાંચ વર્ષોમાં ડેરીમાં થયેલ વિકાસના આમૂલ પરિવર્તનોથી છેવાડાના પશુપાલકોને મળેલું આશ્વાસન જાણે આશિર્વાદ બનીને ઉતર્યુ હોય તેમ સરકાર અને સમાજે એક બનીને શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ તમામ પંદર ડિરેક્ટરોને બિનહરીફ પસંદ કરી વાસ્તવમાં આ સહકારી સંસ્થામાં-સહકારની વ્યાખ્યા અને સહકારની સુવાસ જીવંત કરી દીધી હતી**

12 ડિસેમ્બરના પવિત્ર દિવસે ચૂંટણીના ચક્રવ્યુહથી વિપરીત સુમેળ અને સૌજન્યતા ભરેલ વાતાવરણમાં પસંદગી પામીને આવેલા તમામ પંદર સદસ્યોની પ્રથમ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળવા પામી હતી. જેમાં ચૂંટણી અધિકારીની હાજરી વચ્ચે તમામની નિયુક્તીને મંજુરીની મોહર મારવામાં આવી હતી. ત્યારબાદ, ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી. ગીરીશભાઈ રાજગોરે પક્ષ તરફથી મળેલા મેન્ડેડને સૌની સમક્ષ રજુ કર્યો હતો જેમાં શ્રી. અશોકભાઈ ચૌધરીને સંસ્થાના ચેરમેન તરીકે તથા શ્રી. દશરથભાઈ પટેલને વાઈસ ચેરમેન તરીકે રાખવા અપીલ કરાઈ હતી જેને સમગ્ર BOD એ એકસુરે તાળીઓના ગુંજારવ સાથે વધાવી લીધી હતી. આ ઔપચારિક બેઠકને અંતે ઉપસ્થિત મહાનુભાવોએ પશુપાલકોની હાજરીથી ખીચોખીચ ભરેલા શ્રી. માનસિંહભાઈ ઓડિટોરીયમ ખાતે પશુપાલકો સમક્ષ પોતાના પ્રતિભાવ અને પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો.



સૌ પ્રથમ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા બેચરાજી વિધાનસભાના ધારાસભ્ય શ્રી. સુખાજી ઠાકોરે પોતાના વિચારો રજુ કરતાં દૂધસાગર ડેરીના આ સમરસ વાતાવરણને વધાવી લેતાં પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તેઓએ પોતાના પ્રવચનમાં દૂધસાગર ડેરીએ વિતેલા પાંચ વર્ષમાં અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જે વિકાસની કેડી કંડારી છે તેના વખાણ કરતાં અશોકભાઈની રુપિયો બચાવવાની કુશળતાને સંસ્થાનું સૌભાગ્ય માન્યું હતું.



પાટણ A P M C ના ચેરમેનશ્રી સ્નેહલભાઈ પટેલે આ પ્રસંગે પોતાની આગવી અદામાં ડેરીના આ સમરસ વાતાવરણને દૂધ અને પાણી સાથે સરખાવી વાસ્તવમાં વર્ષોબાદ, દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે અને અશોકભાઈ ચૌધરીના સત્કર્મોને લાખો પશુપાલકોના આશિર્વાદ પ્રાપ્ત થયા હોવાનું સ્વિકારી સમગ્ર સભાને ઉભા થઈને તાળીઓ પાડી સમગ્ર નિયામક મંડળને વધાવી લેવાનું આહવાહન કરતાં હજારો લોકોએ એક સાથે ઉભા થઈ અશોકભાઈની આ નવી ટીમ પ્રત્યે પોતાનો રાજીપો વ્યક્ત કરી સૂત્રોચ્ચાર કર્યો હતો.



મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળના સભ્ય અને માણસાના ભૂતપુર્વ ધારાસભ્ય શ્રી. અમિતભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ડેરીમાં સર્જાયેલ આ પ્રેરણાદાયક વાતાવરણને સંસ્થા માટે તંદુરસ્ત વાતાવરણ ગણાવી જણાવ્યું હતું કે ; પાંચ વર્ષ પહેલાં કોઈને કલ્પના પણ નહોતી કે - અશોકભાઈના નેતૃત્વ હેઠળ દૂધસાગર ડેરી આટલા હદે સમૃદ્ધિને પ્રાપ્ત કરશે ! એક સમયે જ્યારે ડેરીમાં અન્યાય સામે કોઈ ચૂંટણી લડવા તૈયાર નહોતું ત્યારે અશોકભાઈના સાહસથી અમારી આખી ટીમ સંઘર્ષના માર્ગ ઉપર આગળ વધી હતી ત્યારે આ પવિત્ર વાતાવરણનું નિર્માણ થવા પામ્યું છે. તેમણે, આ તબક્કે વિતેલા પાંચ વર્ષોમાં ઉમદા અને પશુપાલકોના હિતમાં કામ કરવા બાબતે અશોકભાઈના તમામ જુના નિયામક મંડળને પણ પોતાના ધન્યવાદ પાઠવ્યા હતા.



આ પ્રસંગે, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી. વિનોદભાઈ પટેલે પહેલા પાંચ વર્ષમાં અશોકભાઈને મત આપનારને ચાર ધામની યાત્રાનું પુણ્ય મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી તેમની કરકસરયુક્ત વહિવટીય પ્રણાલિકાની શાબ્દિક સરાહના કરી હતી.

Scanned with OKEN Scanner






# વિશ્વાસના વાવેતર સાથે શ્રધ્ધારૂપી શરૂઆત



આભાર દર્શનના આ સૌજન્યતા સભર કાર્યક્રમને આગળ વધારતાં નવેમ્બર 2025 થી મહેસાણા દૂધસંઘમાં સર્વ સંમતિથી જેમણે વાઇસ ચેરમેન તરીકેનો કાર્યભાર પ્રાપ્ત થયો છે તેવા મિતભાષી અને માણસા બ્લોકના પ્રતિનીધી અને દેવપુરા ગામના વતની શ્રી દશરથભાઇ ગીરધરભાઇ પટેલે પોતાના પ્રવચનમાં ખૂબ જ નમ્રતાથી ઉપસ્થિત પશુપાલકો અને પોતાની પસંદગી કરવા બદલ ભારતીય જનતા પક્ષનો આભાર પ્રગટ કરી આવનાર સમયમાં અશોકભાઇ ચૌધરીના આ કર્મયજ્ઞમાં કદમથી કદમ મિલાવી ડેરીને નવી ઉંચાઇઓ ઉપર લઇ જવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



મહેસાણા ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલકોના આભાર દર્શન કાર્યક્રમમાં નવનિયુક્ત ચેરમેન અને વાઇસ ચેરમેન ની સાથે સમગ્ર નિયામક મંડળને પોતાની અંગત શુભકામનાઓ પાઠવવા આવેલા કડી વિધાનસભાના ધારાસભ્યશ્રી. રાજેન્દ્રભાઇ ચાવડાએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ; 2021 થી 2025 ના ગાળામાં અશોકભાઇના માર્ગદર્શન હેઠળ ડેરીમાં કરકસર અને પારદર્શિતા ના પરિણામે પશુપાલકોને દૂધના ઉત્તમ ભાવ મળવા પામ્યા હોવાથી આ વખતે તેમના આશિર્વાદને કારણે જ એક વિચાર - એક વાતાવરણનું નિર્માણ થવા પામ્યું છે અને તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અશોકભાઇની વહિવટીય કૂનેહ થી ડેરી હજી ખૂબજ આગળ વિકાસના પંથે જશે.



ખેરાલુ ના ધારાસભ્ય અને 2021 થી 2025 સુધીની અશોકભાઇ ચૌધરીની પૂર્ણટર્મની ટીમમાં નિયામક મંડળના સભ્ય રહેલા શ્રી. સરદારભાઇ ચૌધરીએ મંચ ઉપરથી પોતાના અનુભવો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ; હું વિતેલા પાંચ વર્ષથી અશોકભાઇના વહિવટનો સાક્ષી રહ્યો છું. અશોકભાઇની સાથે અમે લોકોએ જ્યારે આ ડેરીનો વહિવટ સંભાળ્યો ત્યારે ડેરીનું કુલ ટર્નઓવર 5000 કરોડ હતું જે આજે 9000 કરોડની લગોલગ પહોંચી ગયું છે. આ પરિણામ સાબિત કરે છે કે અશોકભાઇ વહિવટના ઉત્તમ જાણકાર અને મન - કર્મ - વચનથી ડેરીને સમર્પિત થયેલા અદભૂત આગેવાન છે. તેમની ડેરીના હિતમાં કોઇને પણ ના પાડી દેવાની તાકાતને હું ધન્યવાદ આપું છું અને આપ બધાને વિશ્વાસ આપું છું કે ; અશોકભાઇના સાનિધ્યમાં ડેરી સુરક્ષીત છે.



મહેસાણા દૂધસાગર ડેરીની વર્તમાન સમરસ બનેલી પંદર સદસ્યોની ટીમને અભિનંદન આપવા અને ભારતીય જનતા પક્ષ તરફથી ચેરમેન અને વાઇસ ચેરમેન અંગેનો ઔપચારિક મેન્ડેડ જાહેર કરવા આવેલા મહેસાણા જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી. ગીરીશભાઇ રાજગોરનું વક્તવ્ય ખૂબજ રસપ્રદ અને અનુભવોથી સમૃદ્ધ રહેવા પામ્યું હતું. તેઓએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં અશોકભાઇ ચૌધરી સાથેની મિત્રતાના અંગત અનુભવો રજૂ કરતાં જણાવ્યું કે તેઓ બંને 1993 થી મિત્રો છે જે વિચારો અને સમજની સામ્યતાને કારણે આજે 32 વર્ષે પણ દોસ્તી અકબંધ રહેવા પામી છે. અશોકભાઇની જીણું કાંતવાની આદત અને અનુભવોને ડાયરીમાં ટપકાવી દેવાની અદા અનોખી છે અને તેને કારણે જ એક સમયે દેવાના ડુંગરમાં ડૂબી ગયેલી મહેસાણા નગરપાલિકાને તેઓએ તેમની કોઠાસૂઝ અને કુનેહના પરિણામે દેવા મુક્ત કરી નગરપાલિકાના પ્રમુખ તરીકેની ઉત્તમ ભૂમિકાનો સૌને પુરાવો આપી દીધો હતો. 2005 માં તેઓ બંને સાથે મહેસાણા નગરપાલિકાની ચૂંટણી લડ્યા હતા ત્યારે ત્રણ બાળકોના કાયદાનું આવાગમન થયું અને આ કૂશળ વહિવટકર્તાએ રાજીનામું આપી દીધું પરંતુ, પરમાત્મા જ્યારે એક રસ્તો બંધ કરે છે ત્યારે, બીજા અનેક રસ્તાઓ ખોલી દેતો હોય છે.

**અશોકભાઈની વહિવટમાં જીણું કાંતવાની આદત અને અનુભવોને ડાયરીમાં ટપકાવી દેવાની અદા કાબીલે તારીફ છે : ગીરીશ રાજગોર**

**દેવામાંથી મુક્ત કરેલી મહેસાણા નગરપાલિકાના પ્રમુખ પદથી ત્રણ બાળકોને કારણે અશોકભાઈએ રાજીનામું આપ્યું પણ, કૂશળ વ્યક્તિ માટે ઈશ્વર એક દરવાજો બંધ કરે તો - બીજા અનેક દરવાજા ખોલી દેતો હોય છે અશોકભાઈના ભાગ્યમાં યશ લખેલો છે એટલે આટલી વિશાળ સંસ્થાની સેવા કરવાની ઘડી અને ચોઘડીયું બંધ બેઠું છે**

Scanned with OKEN Scanner



# આંગણે અજવાસના પગલાંઓ થયાં

આ સાથે, મહેસાણા જિલ્લા ભાજપ અધ્યક્ષ ગીરીશભાઈ રાજગોરે પોતાની વાત આગળ વધારતાં જણાવ્યું કે ; આપ બધા અશોકભાઈની ડેરીમાં આ બીજી ટર્મ ગણો છો પણ વાસ્તવમાં અશોકભાઈની આ ત્રીજી ટર્મ છે. અગાઉ 2015 માં તેઓ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે ચૂંટણી લડીને દૂધસાગરના વહિવટમાં વટ્રબંધ દાખલ થયા હતા. આ પ્રથમ પાંચ વર્ષ તેમને માટે પાઠશાળા બન્યા - અને તેઓએ અહીંથી ડેરીને સમજવાની શરુઆત કરી. જાહેર જીવનમાં ટ્રેઈનીંગ, તકો, ઉપાયો અને પોતાની નબળાઈને જાણવી ખૂબ જરુરી હોય છે. પહેલાં પાંચ વર્ષમાં બે - ત્રણ સાથીદારો સાથે વિરોધપક્ષમાં બેસીને અશોકભાઈ આ બધુ શીખી ગયા ત્યારે આ સંસ્થાને તથા આપણને બધાને આજે મજબૂત આગેવાનના રુપમાં અશોક ચૌધરી મળ્યા છે. અને મને વિશ્વાસ છે કે ; અશોકભાઈના નેતૃત્વમાં ડેરી તેના સર્વોચ્ચ ટર્ન ઓવરને પ્રાપ્ત કરશે અને આખાય જૂના મહેસાણા જિલ્લાના પશુપાલકોને સુખી અને સમૃદ્ધ કરશે.



12 ડિસેમ્બર - 2025 ની સભામાં પોતાની સમગ્ર ટીમને બિન હરીફ બનાવી બીજી ટર્મમાં ચેરમેન પદની જવાબદારી સંભાળતા અશોકભાઈ પોતાના વક્તવ્ય દરમ્યાન ભાવુક બન્યા હતા. ભારતીય જનતા પાર્ટી અને લાખો પશુપાલકો દ્વારા પોતાને પ્રાપ્ત થયેલ વિશ્વાસનો આભાર માનવા જાણે તેમની પાસે શબ્દો નહોતા એટલે થોડીક ક્ષણો માટે શબ્દોનું સ્થાન આંસુઓએ લઈ લીધુ હતું. તેમણે, 2 0 2 0 ની દૂધસાગરની ચૂંટણીને યાદ કરતાં જણાવ્યું કે એ વખતે હું લોકોથી અજાણ્યો હતો. પશુપાલકો મને ઓળખતા પણ નહોતા છતાંય, મારા શબ્દોને સત્ય માની તેઓએ એ સમયે વિશ્વાસના પાતળા તંતુથી બંધાઈને મને આ મહાન સંસ્થાનું સુકાન સોંપ્યું હતું. તેમના દ્વારા મુકાયેલ વિશ્વાસને હું શત શત નમન કરું છું. મે મારી પ્રથમ ટર્મ દરમ્યાન સતત ઈશ્વરને માથે રાખી કામ કર્યું છે. અને કદાચ આજે મારા કામને જ ન્યાય મળ્યો છે. ત્યારે આવનારા પાંચ વર્ષમાં પણ આપ બધામાં ઈશ્વરની હાજરી છે તેવી સભાનતા સાથે હું આ ડેરીના માધ્યમથી આપની સેવા કરીશ. ચેરમેનશ્રીએ, આ તબક્કે ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, સહકાર અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત ભાજપ અધ્યક્ષશ્રી જગદીશભાઈ પંચાલ અને ઋષિકેશભાઈ પટેલનો આભાર માન્યો હતો.

આભાર દર્શનનો આ સમગ્ર કાર્યક્રમ લાગણી-ઉત્સાહ-વિશ્વાસ અને નવિન સૂર્યોદયનો સુમેળ બન્યો હતો ત્યારે જ કહી શકાય અમે અનેક ઘણી પ્રગતિ માટે એક બન્યા છીએ.

**એકોહં બહુસ્યામ્**

અશોકભાઈનું Amul મંથન

# GCMMF ની જવાબદારીના ભાગરૂપે ચેરમેનશ્રીની બે દિવસીય સૌરાષ્ટ્ર યાત્રા



અમૂલ ફેડરેશનના ચેરમેન પદની જવાબદારીને વહન કરતાં શ્રી અશોકભાઈ ચૌધરીએ તા.17/18 ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્રની વિવિધ ડેરીઓના પ્રવાસ કરી વિવિધ પ્લાન્ટો અને ડેરીઓની મુલાકાત લીધી હતી. જેમાં ગડકા-રાજકોટ ખાતે નિર્માણાધીન AMUL FED-2 ડેરી પ્લાન્ટનું નિરિક્ષણ કર્યુ હતું. આ દરમ્યાન આ પ્લાન્ટના આયોજન, આધુનિક ટેક્નોલોજી અને ભાવિ ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં રાખી પશુપાલકોના લાભ અને અમૂલની ગુણવત્તાને અકબંધ રાખવા જરુરી સૂચનો કરાયા હતા. આ પ્રસંગે અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન તથા રાજકોટ ડેરીના ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલિયા, NDDB અને અમૂલના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



રાજકોટ દૂધ ઉત્પાદક સંઘ લી. એટલે કે ; ગોપાલ ડેરીની મુલાકાતે પહોંચેલ અમૂલના ચેરમેનશ્રી. અશોક ચૌધરીનું સંસ્થાના ચેરમેન તથા અમૂલના વાઈસ ચેરમેન શ્રી. ગોરધનભાઈ ધામેલીયા દ્વારા ભાવસભર સ્વાગત કરવામાં આવ્યું અને સહકારથી સમૃદ્ધિ સૂત્રને સાકાર કરવા સકારાત્મક વાતાવરણ ઉભું થાય તે માટે મનોમંથન થયું.




પોરબંદર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા સંચાલિત સુદામા ડેરીની અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી. અશોકભાઈ તથા વાઈસ ચેરમેનશ્રી. ગોરધનભાઈ ધામેલીયા સાથે અમૂલ ના અધિકારીઓએ મુલાકાત લીધી અને સહકારી ડેરી ક્ષેત્રના વિકાસ અને પશુપાલકોને વધુ લાભ કેવી રીતે આપી શકાય તે અંગે વૈચારિક આપ લે કરવામાં આવી હતી. અમૂલ થકી ગુજરાતના તમામ દૂધ સંઘો અને તેમની સાથે સંકળાયેલા પશુપાલક ખેડૂતો સમૃદ્ધ થાય તે અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુદામા ડેરીના ચેરમેનશ્રી. ડૉ.આકાશભાઈ રાજશાખા દ્વારા અમૂલના ચેરમેન અને વાઈસ ચેરમેનનું આત્મીય સન્માન કરવામાં આવ્યું હતું.




તા. 18 ડિસેમ્બર - 2025 ના રોજ પોતાના સૌરાષ્ટ્ર પ્રવાસ દરમ્યાન અમૂલના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને વાઇસ ચેરમેન શ્રી. ગોરધનભાઈ ધામેલીયા અને અમૂલના અધિકારીઓએ જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા સંચાલિત સાવજ ડેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન વિવિધ દૂધ સંઘોના વર્તમાન કાર્ય, દૂધ સંકલન, ગુણવત્તા નિયંત્રણ, આધુનિક પ્રોસેસિંગ ટેક્નોલોજી અને ભાવિ વિસ્તરણ અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાવજ ડેરીના ચેરમેનશ્રી. દિનેશભાઈ ખટારીયા અને તેમના સમગ્ર નિયામક મંડળ દ્વારા અમૂલના ચેરમેન અને વાઇસ ચેરમેનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્રની પોતાની અમૂલ યાત્રાને આગળ ધપાવતાં અશોકભાઈ ચૌધરી અને ગોરધનભાઈ ધામેલીયા સહિત અમૂલના અધિકારીઓએ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા સંચાલિત અમર ડેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન ડેરીના વર્તમાન કાર્યો, મધ ઉછેર કેન્દ્ર, એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી, ગીર ગાય માટે Center of Excellence તથા ભાવિ વિસ્તરણ યોજનાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે NCUI અને IFFCO ના ચેરમેનશ્રી. દિલીપભાઈ સંઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અમર ડેરીના ચેરમેનશ્રી. અશ્વિનભાઈ સાવલિયા અને તમામ નિયામક મંડળે મહેમાનોનું ભાવ સભર સ્વાગત કર્યુ હતું.



અમૂલ યાત્રાના અંતિમ પડાવે અમૂલના ચેરમન અને વાઇસ ચેરમેને ભાવનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી. દ્વારા સંચાલિત સર્વોત્તમ ડેરીની મુલાકાત લઇ ત્યાંની કાર્યશૈલીથી અવગત થયા હતા. આ પ્રસંગે સર્વોત્તમ ડેરીના ચેરમેનશ્રી. મહેન્દ્રભાઈ પનોત દ્વારા અશોકભાઈ અને ગોરધનભાઈનું આત્મિય સન્માન કરવામાં આવ્યું હતું.

## પશુપાલકોના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે દેવાધિ દેવ સોમનાથ દાદાના ચરણોમાં વંદના



પોતાની બે-દિવસીય અમૂલ સૌરાષ્ટ્ર યાત્રાના અંતિમ દિવસે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના (અમૂલ) ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને વાઇસ ચેરમેનશ્રી. ગોરધનભાઈ ધામેલીયાએ સમગ્ર વિશ્વમાં પ્રથમ જ્યોતિર્લીંગ તરીકે આસ્થાના કેન્દ્રમાં રહેલા સોમનાથ મહાદેવની પુજા અર્ચના કરી ધજા ચડાવી હતી. આ પ્રસંગે આધ્યાત્મને પોતાના જીવનનું એક મહત્વનું અંગ માનતા શ્રી. અશોકભાઈ ચૌધરીએ દેવાધીદેવ મહાદેવના ચરણોમાં દૂધસાગર અને અમૂલ સાથે જોડાયેલા લાખો પશુપાલકોના જીવનમાં સુખ - શાંતિ - સમૃદ્ધિ અંગે પ્રાર્થના કરી હતી.

## ખેરાલુ અને વિજાપુર APMC ખાતે સહકારીતા સ્નેહમિલનમાં અશોક ચૌધરીએ આત્મીય સંવાદ કર્યો





તાજેતરમાં ખેરાલુ અને વિજાપુર APMC ખાતે બે સહકારી સહકારીતા સ્નેહમિલન સમારોહનું 24 ડિસેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ તથા સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહના સહકાર મંત્રને સિધ્ધ કરવાનો સૌએ સાથે મળી સંકલ્પ કર્યો હતો. દૂધસાગર ડેરીના ચેરમેન પદે ફરીથી નિયુક્ત થયેલ શ્રી. અશોકભાઈ ચૌધરીનું આ પ્રસંગે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ખેરાલુ ખાતે પાટણના સાંસદ શ્રી. ભરતસિંહજી ડાભી, ધારસભ્યશ્રી. સરદારભાઈ ચૌધરી, APMC ના ચેરમેનશ્રી. રામભાઈ ચૌધરી અને પૂર્વ ચેરમેનશ્રી ભીખાભાઈ ચૌધરી સહિત નિયામક મંડળના સભ્યો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ, હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી અપનાવવાના ઉદ્દેશ સાથે વિજાપુર APMC ના સહકારીતા સ્નેહમિલનમાં મહેસાણા જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી. ગીરીશભાઈ રાજગોર, ધારાસભ્યશ્રી. સી.જે ચાવડા, પૂર્વ ધારાસભ્યશ્રી. રમણભાઈ પટેલ, શ્રી. પી.આઇ. પટેલ, શ્રી. કાંતિભાઈ પટેલ, વિજાપુર APMC ના ચેરમેનશ્રી. રાજુભાઈ પટેલ તેમજ દૂધસાગર ડેરીના વાઇસ ચેરમેનશ્રી. દશરથભાઈ પટેલ સહિત સમગ્ર વિસ્તારના રાજકીય અને સહકારી આગેવાનોની ઉપસ્થિતીમાં સહકારથી સમૃદ્ધ ભારતના નિર્માણ કાર્યમાં એક થઈને કાર્યરત થવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.


Scanned with OKEN Scanner


## એ રીતે જોઈએ તો...

# ગોકુળના શ્રી કૃષ્ણ મિલ્ક કો-ઓપરેટીવના પ્રથમ ચેરમેન હતા



શ્રીમદ ભાગવત પુરાણ અને અન્ય પુરાણોમાં નંદ મહારાજ (નંદ બાબા) ને વ્રજના ગોપાલકોના મુખીયા તરીકે વર્ણાવામાં આવ્યા છે. જેમની પાસે અસંખ્ય ગાયો હતી. શ્રીલ પ્રભુપાદ (ISKCON ના સ્થાપક) ના શ્રીમદ ભાગવત પુરાણના અંગ્રેજી અનુવાદ અને વ્યાખ્યામાં કહેવાયું છે કે ; નંદ મહારાજ પાસે નવ લાખ ગાયો હતી, અને વ્રજભૂમિ દૂધ અને માખણથી ભરી ભાદરેલી હતી. વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુર જેવા વૈષ્ણવ આચાર્યોની વ્યાખ્યામાં પણ આ સંખ્યાનો ઉલ્લેખ છે. ગોકુળના આવા ઉત્તમ વાતાવરણમાં બાળકૃષ્ણ માતા યશોદા અને પિતા નંદજી પાસે ઉછર્યા હતા. આમ બાળપણથી જ બાલગોપાલ અને તેમના મિત્રો પશુપાલકની ભૂમિકા સહજ રીતે નિભાવતા હતા. પ્રાચીન ગ્રંથો જેમકે ; શ્રીમદ ભાગવત પુરાણ (સ્કંધ 10), વિષ્ણુ પુરાણ, હરિવંશ પુરાણ અને મહાભારત પણ કૃષ્ણને ગોકુલ-વૃંદાવનમાં ગોપાલક (ગાયોના રક્ષક) તરીકે વર્ણવવામાં આવ્યા છે. કૃષ્ણ ગોપ-ગોપીઓના સમુદાયમાં રહેતા હતા. જ્યાં દૂધ, માખણ, દહીં અને ઘી નું ઉત્પાદન મુખ્ય વ્યવસાય હતો. મથુરાના રાજા અને શ્રીકૃષ્ણના મામા કંસથી વ્રજ ભૂમિની આ જાહોજલાલી જોઇ જવાતી નહોતી. તેથી તેમણે આ ઉત્પાદનો ના વેચાણ પર અત્યાચાર વરસાવી લાગો-વેરો-કર (આજની ભાષામાં ટેક્સ) નાખ્યો હતો. ભાગવત પુરાણ (સ્કંધ 10) જેવા પ્રાચીન ગ્રંથ (લગભગ ઈ.સ. 8 મી - દશમી સદીમાં લખાયેલો, પરંતુ મૌખિક પરંપરા ઈ.પુ. 3000 થી) માં આ બાબતોનો ઉલ્લેખ જોવા મળે છે. હરિવંશ પુરાણ અને વિષ્ણુપુરાણમાં (ઈ.પુ.300-500) માં કૃષ્ણને ગાયોના રક્ષક અને દૂધ માખણના પ્રચારક તરીકે વર્ણવામાં આવ્યા છે. ગોવર્ધન પર્વત ઉઠાવીને વ્રજવાસીઓ અને ગાયોને વરસાદથી બચાવી ઈન્દ્ર સામે બાથ ભીડવનાર શ્રીકૃષ્ણના આ કાર્યોને પુરાતત્વીય વિભાગ કે જેણે ; મથુરા અને વૃંદાવન વિસ્તારમાં મળેલા પ્રાચીન મંદિરો અને શીલ્પો (ઈ.પુ. 2 જી સદીથી) તેનો પુરાવો આપે છે. આ પુરાવા દર્શાવે છે કે કૃષ્ણએ ગોકુળમાં એક સંગઠીત સમુદાય બનાવ્યો હતો. જેમાં મોટા ભાગના લોકો પશુપાલક હતા. એ વખતે કંસ સામે સીધી લડાઇ લડવી શક્ય ન હોવાથી કૃષ્ણએ માખણ ચોરીની લીલા દ્વારા ગોપીઓના ઘરોમાંથી માખણ ચોરી કરી સમુદાયમાં ગોપાલકોને વહેચી અને આડકતરી રીતે ગોકુળનું દૂધ અને દૂધની બનાવટો પોતાની પ્રજાની તંદુરસ્તી માટે વપરાય અને કંસ સુધી આ બનાવટો ના પહોંચે તેવી સુવ્યવસ્થિત લડાઈ (કૃષ્ણની ભાષામાં લીલા) ચલાવી હતી. દૂધસાગર પત્રિકામાં છાપવામાં આવેલ ભગવાન શ્રીકૃષ્ણના ફોટા નીચેના ત્રણ ફોટો મથુરા અને ગોકુળ વિસ્તારમાંથી ભારતીય પુરાતત્વ વિભાગના ખોદકામમાં મળેલા શીલ્પો અને દૂધના વાસણો સાથે મુકવામાં આવ્યા છે. આ પુરાવા દર્શાવે છે કે પ્રાચીન વ્રજભુમિમાં દૂધ ઉત્પાદન એક સંગઠિત પ્રવૃત્તિ હતી અને કૃષ્ણ તેના કેન્દ્રમાં હતા. એ સમયે આજના જેવું સુવ્યવસ્થિત સહકારી મોડલ અને ચેરમેન જેવા શબ્દો અસ્તિત્વમાં નહોતા પણ ઉપરોક્ત તમામ બાબતોથી શ્રીકૃષ્ણને પ્રતિકાત્મક રીતે દૂધ સહકારીતાના પ્રથમ ચેરમેન તરીકે જોવા એ યોગ્ય દર્શન છે. કારણ કે તેઓએ ગોકુળમાં દૂધ ઉત્પાદકોને સંગઠિત કરી - તેમનો પ્રેમ જીતી - રાસલીલા - ગોવર્ધન લીલા અને માખણ ચોરી લીલા કરી આખરે તો પશુપાલક ગોવાળીયાઓની જ સેવા કરી હતી.







**આપણા બધા માટે આસ્થા - વિશ્વાસ અને શ્રધ્ધાના પ્રતિક સમાન શ્રીકૃષ્ણના સ્મરણ સાથે આજે અમે દૂધસાગર પત્રિકાના વાચકો સમક્ષ દૂધનો ઈતિહાસ જે પ્રાચીન કાળથી લઇ આધુનિક સમય સુધી રહ્યો છે તેની પુરાવાઓ આધારીત જાણકારી આપવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યા છીએ :**

દૂધ માનવ સભ્યતાના ઈતિહાસમાં એક મહત્વપુર્ણ ભૂમિકા ભજવતું રહ્યું છે તે માત્ર પોષણનો સ્ત્રોત જ નહીં, પરંતુ સાંસ્કૃતિક - ધાર્મિક અને આર્થિક વિકાસનું પ્રતિક પણ છે. પ્રાચીન કાળમાં દૂધની શરુઆત (ઈસા પૂર્વ 9000 - 6000) મધ્યપુર્વ (આધુનિક તુર્કી નજીકના વિસ્તારો) માં ઘેટા બકરાના પાલનથી શરુ થયું હોવાના ઉલ્લેખો જોવા મળે છે. ગાયોનું પાલન આશરે 8800 ઈ.પુ માં થયું જેના પુરાવા પુરાતત્વીય ખોદકામમાં મળેલા માટીના વાસણોમાં દૂધની ચરબીના અવશેષોથી સાબિત થાય છે.

Scanned with OKEN Scanner

# આધુનિક ડેરી સહકારીતા શ્રીકૃષ્ણને પોતાના બ્રાન્ડિંગમાં વાપરે છે અને તેમને 'પાયોનિયર મિલ્ક મેન' તરીકે રજૂ કરે છે

પ્રાચીન સમયમાં તાજું દૂધ ઝડપથી બગડતું હોવાથી તેને દહીં અથવા માખણમાં ફેરવીને સાચવવામાં આવતું હતું. આના પુરાવા સહારા વિસ્તારમાં 7000 વર્ષ જૂના રોક આર્ટ અને પ્રાચીન માટીના વાસણોમાં મળે છે. પ્રાચીન મિસરમાં (ઇ.પૂ. 3000 આસપાસ) દૂધને પવિત્ર માનવામાં આવતું હતું અને તેને રાજવી તથા પુજારીઓ માટે અનામત રાખવામાં આવતું હતું. મિસરની અનેક સુલતાનોની કબરોમાં મળેલા ચિત્રોમાં પશુને દોહવાના દ્રશ્યો સ્પષ્ટ દેખાય છે.

ભારતમાં વૈદિક કાળથી (ઇ.પૂ 1500) દૂધ અને ડેરી ઉત્પાદનોને પવિત્ર માનવામાં આવતા હતા. આ ભૂમિ પર ગાયને માતૃસ્વરુપ માનીને તેનું દૂધ ધાર્મિક વિધીઓમાં વપરાતું

## દૂધની જૈવિક અને સાંસ્કૃતિક મહત્વતા

દૂધ મુખ્યત્વે સ્તનધારી પ્રાણીઓના સ્તનગ્રંથિઓમાંથી ઉત્પન્ન થતું પ્રવાહી છે. જેમાં પ્રોટીન, ચરબી, લેક્ટોઝ (ખાંડ), વિટામીન અને ખનીજો જેવા પોષક તત્વો હોય છે. દૂધની ઉત્પત્તિ સિનેપ્સીડ્સ (સ્તનધારીઓના પૂર્વજો) માં લગભગ 30 કરોડ વર્ષ પહેલાં થઇ હોવાનું માનવામાં આવે છે. જ્યારે તે ત્વચાની ગ્રંથીઓમાંથી સ્ત્રાવ તરીકે ઉદભવ્યું પરંતુ માનવીય ઉપયોગ માટે , તેની શરુઆત નિયોલિથિક ક્રાંતિ (લગભગ 10,000 વર્ષ પહેલાં) સાથે જોડાયેલી છે. સાંસ્કૃતિક રીતે, દૂધને અનેક ધર્મો અને પૌરાણિક કથાઓમાં સ્થાન મળ્યું છે - જેમ કે બાઇબલમાં "મધ" અને " દૂધની ભૂમિ." કુરાનમાં તેને " શુધ્ધ પીણું" કહેવાયું છે. તો, હિંદુ ધર્મમાં ધાર્મિક અભિષેકોમાં દૂધ અનિવાર્ય છે.

## પ્રાચીનકાળ (૧૦,૦૦૦ ઈ.પૂ. થી મધ્યયુગ સુધી)

માનવીઓમાં લેક્ટોઝ (દૂધની ખાંડ) પચાવવાની ક્ષમતા પ્રાચીનકાળમાં વિકસીત થઈ. મોટાભાગના પુખ્ત વયના માનવીઓમાં બાળપણ પછી લેક્ટેઝ એન્ઝાઇમનું ઉત્પાદન બંધ થઇ જાય છે. પરંતુ, લગભગ 7500 વર્ષ પહેલાં પશ્ચિમ યુરોપમાં એક જૈનિક પરિવર્તન (લેક્ટેઝ પર્સિસ્ટન્સ) થયું, જેણે કારણે કેટલાક લોકોને પુખ્ત વયમાં પણ દૂધ પચાવવાની ક્ષમતા આપી. આ પરિવર્તન મુખ્યત્વે પશુપાલક સમુદાયોમાં ફેલાયું. જ્યાં દૂધ પોષણનો મહત્વપુર્ણ સ્ત્રોત હતું. આફ્રિકા અને મધ્યપૂર્વમાં પણ આવા પરિવર્તનો જોવા મળ્યા. પરંતુ એશિયા અને અમેરિકાના અનેક વિસ્તારોમાં તેનો આજે પણ અભાવ જોવા મળે છે.



પ્રાચિન સભ્યતાઓમાં દૂધનું સામાજિક - સાંસ્કૃતિક મહત્વ જબરજસ્ત જોવા મળે છે. સુમેરિયન, ગ્રીક અને ઇજિપ્શિયન પૌરાણિક કથાઓમાં અનેક જગ્યાએ દૂધનો વારંવાર ઉલ્લેખ જોવા મળે છે - જેમકે વેસ્ટ આફ્રિકાના ફુલાની સમૂદાયમાં વિશ્વની શરુઆત દૂધના એક ટીંપાથી થઇ હોવાનું માનવામાં આવે છે. અને, નોર્સ કથાઓમાં પૃથ્વીને દૂધ આપતી ગાયનું વર્ણન છે. તો, હિન્દુ ધર્મશાસ્ત્રોમાં કામધેનું ગાયનો ઉલ્લેખ જોવા મળે છે. ઇજિપ્તમાં દૂધનો ઉપયોગ દાઝી જનારા દર્દીઓની સારવારમાં કરવામાં આવતો તેનો ઉલ્લેખ છે. મધ્યપૂર્વમાં લગભગ 7200 વર્ષ પહેલાં ક્રોએશિયામાં મળેલા માટીના વાસણોમાં ચીઝ બનાવવાના પુરાવા મળ્યા છે, જે લેક્ટોઝ ઘટાડવાની એક પધ્ધતિ હતી. મધ્યયુગમાં યુરોપમાં દૂધને "શ્વેતરક્ત" માનવામાં આવતું હતું. તેને "શુધ્ધ સફેદ પીણું" તરીકે ઓળખવામાં આવતું હતું.

## આધુનિક કાળ (ઔદ્યોગિક ક્રાંતિથી ૨૦મી સદી સુધી)

ઔદ્યોગિક ક્રાંતિ (19મી સદી) માં શહેરીકરણ અને વસ્તી વધારા સાથે દૂધનું ઉત્પાદન અને તેની વિતરણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનો આવ્યા. રેલ્વે અને મશીનરીથી દૂધને દૂરના વિસ્તારોમાં પહોંચાડવાનું શક્ય બન્યું. પરંતુ કાચા દૂધમાંથી રોગો (જેમ કે ટાઇફોઇડ, ટીબી) ફેલાવાનું જોખમ વધ્યું. અમેરિકામાં " સ્વિલ મિલ્ક" (ડિસ્ટિલરીના અવશેષોમાંથી બનતું ઝેરી દૂધ) ને કારણે બાળમૃત્યુ વધ્યા જેનો તે સમયે માધ્યોમોમાં ભારે વિરોધ થયો. લુઇસ પાસ્ચરે 1864 માં પેસ્ચુરાઇઝેશન ની શોધ કરી જેમાં દૂધને ગરમ કરીને બેક્ટેરિયા મારી નાખવામાં આવે છે. આ પદ્ધતિ 1880 ના દાયકામાં વ્યાપારી રીતે અપનાવવામાં આવી અને 1908 માં શિકાગોમાં ફરજીયાત બની. હોમોજીનાઇઝેશન (ચરબીને સમાન વિતરીત કરવી) 1890 ના દાયકામાં શોધાયું અને 1930 ના દાયકામાં તે લોકપ્રિય થયું. આ સમયે દૂધના ઉત્પાદનોમાં અનેક નવિનતાઓ આવી : ચોકલેટ મિલ્ક 1892 માં જમૈકામાં શોધાયું. પાવડર્ડ મિલ્ક 19 મી સદીમાં, અને કન્ડેન્સ્ટડ મિલ્ક અમેરિકન સિવિલ વોર દરમ્યાન તૈયાર થયું. બીજા વિશ્વયુધ્ધમાં દૂધનો વપરાશ ખૂબ વધ્યો અને 1946 માં અમેરિકામાં નેશનલ સ્કૂલ લંચ એક્ટ પસાર થયો જેમાં દૂધને સર્વ માન્યતા અને પ્રથમ જરુરીયાત તરીકે સ્વીકારમાં આવી.

## વર્તમાન સમય (૨૧ મી સદી)

આજે વિશ્વમાં દૂધનું ઉત્પાદન 920 મિલીયન ટન્સથી વધુ છે (2021 ના આંકડા પ્રમાણે) અને 2030 સુધીમાં 35% વધારો અપેક્ષિત છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક બન્યો છે (લગભગ 275 મિલીયન ટન્સ) ત્યારબાદ, યુરોપિયન યુનિયન અને અમેરિકાના ઓર્ગેનિક દૂધ, અલ્ટ્રા-ફિલ્ટર્ડ મિલ્ક (ઉચ્ચ પ્રોટીન, ઓછી ખાંડ) અને ફ્લેવર્ડ વેરાઇટી જેમ કે ; બનાના અને કોફી ફ્લેવર મિલ્ક લોક પ્રિય છે. જલવાયું પરિવર્તન આજે દૂધના ઉત્પાદનને ભયંકર નુકશાન કરી રહ્યું છે અને ગરમીથી ગાયોનું ઉત્પાદન ઘટી રહ્યું છે. અમેરિકામાં દૂધનો વપરાશ ઘટ્યો છે તો એશિયામાં દૂધનો વપરાશ વધી રહ્યો છે. સોયા અને અલમન્ડ મિલ્ક પ્રવેશી રહ્યું છે. પણ, દૂધ તો આખરે આપણા કૃષ્ણની દેન છે એટલે આશા રાખીએ આપણા વ્યવસાયમાં..... **કૃષ્ણ સદા સહાયતે**

Scanned with OKEN Scanner

# દૂધસાગર અતિતની અટારીએથી ...

# GOODBYE 2025

## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષને દૂધસાગરની શાનદાર સલામ




દૂધસાગરના ઇતિહાસનું
સૌથી વધુ દૂધ સંપાદન
નોંધાયું તે સુવર્ણ દિવસ



સરકાર સાથે
દૂધસાગર પત્રિકાનું
સાગર મંથન




પટણા (બિહાર) ખાતે
ડેરી કોન્ફરન્સમાં
દૂધસાગર




એક દેશ - એક ચૂંટણીને
મજબૂત સાગર સમર્થન



સાગરના સારથી
અશોક ચૌધરી બન્યા
GCMMF ના નવા સુકાની



437 કરોડના ઐતિહાસીક
ભાવવધારા સાથે
65મી સાધારણ સભા સંપન્ન



ખેડુતો અને પશુપાલકોની
પડખે ઉભા રહેવા બદલ
દૂધસાગરની 7 લાખ બહેનો કહ્યું :
THANK YOU MODIJI



NABARD
નાબાર્ડ દ્વારા અમૂલના
ચેરમેન શ્રી અશોક ચૌધરીનું
સન્માન



રાજ્યકક્ષાની રમતોત્સવ સ્પર્ધામાં
સાગર સૈનિક સ્કૂલનું
શાનદાર પ્રદર્શન



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની
વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં દૂધસાગરના
નવા પાવડર પ્લાન્ટનો શુભારંભ



દેશના ગૃહ તથા સહકારીતા મંત્રી
શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી
શ્રી.ભુપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે
મોતીભાઇ સાગર સૈનિક સ્કૂલ રાષ્ટ્રને સમર્પિત



40% મહિલા પશુપાલકો
સાથે શ્રી અશોક ચૌધરીના
નેતૃત્વમાં દૂધસાગર ડેરીનું
નિયામક મંડળ આગામી
2030 સુધી બિનહરીફ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા

Scanned with OKEN Scanner